PTRC PEOPLES TRAINING & RESEARCH CENTRE
43, Shrinathdham Duplex, Dinesh Mill - Urmi Road, VADODARA - 390 007
Telefax - 0265 - 2345576, Email : ptrcvdr@yahoo.co.in, Website : www.peoplestraining.org.

# વાર્ષીક અહેવાલ ૨૦-૨૧

સારાંશઃ

કોરોના ફેલાતો અટકાવવાના હેતુસર કેન્દ્ર સરકારે માર્ચ, ૨૦૨૦ના અંતમાં દેશવ્યાપી લોકડાઉન જાહેર કરવાને કારણે એપ્રીલ અને મે મહીનાઓ દરમીયાન ઘરેબેઠા કેટલીક બેઠકોમાં હાજરી આપ્યા સીવાય કોઇ કામ થઇ શકયું નહી. લોકડાઉનની સરિમકિ કામદારો પર પડેલી અસરનો અમે અન્યાસ કર્યો અને કેટલાક કામદારોને જરુરી મદદ પહોંચાડી. કોવીડ મદદ પેટે અમે આર્થીક રીતે નબળા વર્ગના ૨૦૦ જેટલા ડાયાબીટીસના દર્દીઓને ગ્લુકોમીટર ભેટ આપ્યા. સીલીકોસીસ માટે અમે સીરામીક કામદારો સાથે બેઠક કરીને એક અભ્યાસ કરવાનું નકકી કર્યુ. અમે રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ સમક્ષ કેટલીક નવી ફરીયાદો દાખલ કરી અને અગાઉ દાખલ કરેલી ફરીયાદોમાં અનુકાર્ય કર્યુ. અમારી ફરીયાદને કારણે ગુજરાત સરકારે છોટાઉદેપુરના સીલીકોસીસ પીડીતોને વળતર ચુકવ્યું. ભારત સરકારે જાહેર કરેલા ઓએચએસ કોડના મુસદ્દાનો અભ્યાસ કરી અમે વાંધા સુચન મોકલવાનું કામ કર્યુ. કામદાર રાજય વીમા કાયદા હેઠળ આવરી લેવાયેલા કામદારોને સેવા મેળવવામાં મદદ કરવાનું કામ અમે ચાલુ રાખ્યું. આંતર્રાષ્ટીય કામદાર સ્મૃતી દીવસ નીમીત્તે અમે અમે નીવેદન પ્રગટ કરી તેની નકલ રાજયના શ્રમ મંત્રીને મોકલી. વર્ષ દરમીયાન અમને રુ.૬૪૧૦૭૨/- ગ્રાન્ટ અને દાન પેટે મળ્યા અને અમે રુ.૧૧,૧૬,૯૭૪.૬૨નો ખર્ચ કર્યો.




૨૩ માર્ચ, ૨૦૨૦ને દીવસે દેશ આખામાં લોકડાઉન જાહેર થયું. એટલે કે નવું નાણાંકીય વર્ષ શરુ થાય તે પહેલાં જ લોકડાઉન આવી ગયું. તે કારણે એપ્રીલ અને મે, ૨૦ દરમીયાન તો વેબીનારમાં હાજરી આપવા સીવાય કશું કામ થયું નહી.

૨૦ જુનને દીવસે સ્વ. વીજય કાન્હેરેની ૧૪મી પુણ્યતીથી નીમીત્તે “વીજયની સ્મૃતીમાં: વ્યવસાયીક આરોગ્ય અને સલામતીની ઉભરતી ચલવળ” મથાળા હેઠળ અમે વેબીનારનું આયોજન કર્યું. આ વેબીનારમાં ડો. રાજેષ ટંડન, પ્રમુખ, પ્રીઆ, દીલ્હી, ડો. આર. શ્રીધર, એન્વીરોનીકસ ટ્રસ્ટ, દીલ્હી, ડો. યોગીંદ્ર સામંત, ચીફ મેડીકલ ઓફીસર, નોર્વેજીયન લેબર ઈન્સપેકશન ઓથોરીટી, ડો. શ્યામ પીગલે, ઈન્ડીયન ઈન્સ.ઓફ પબ્લીક હેલ્થ, ગાંધીનગર અને નોએલ કોલીના, એશીયા મોનીટર રીસોર્સ સેન્ટર, હોંગકોંગ વકતા હતા. વેબીનારને સારો પ્રતીભાવ મળ્યો.




જુલાઈ મહીનામાં પીટીઆરસીએ સેઈફ ઈન ઈન્ડીયા ફાઉન્ડેશન અને ઓહેનીના સભ્યો માટે પરીચયાત્મક વેબીનારનું આયોજન કરવામાં પહેલ કરી. આ વેબીનારમાં તમામ ઓહેની સભ્યોએ ભાગ લઈ પોતાની પ્રવૃત્તીઓનો પરીચય આપ્યો અને સેઈફ ઈન્ડીયાએ પણ પોતાનો પરીચય આપ્યો. આ બેઠક ૩/૦૭/૨૦ને રોજ યોજાઈ.

૨૮ જુલાઈએ રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ દ્વારા સીલીકોસીસને મુદ્દે એક બેઠકનું આયોજન થયું. આ બેઠકમાં હાજરી આપી રજુઆત કરવા પીટીઆરસીને આમંત્રણ મળ્યું. ગુજરાત રાજ્ય સરકાર તરફથી રાજયના નીયામક, ઔદ્યોગીક સલામતી અને આરોગ્યએ હાજરી આપી. સદર બેઠકમાં રાજયમાં હાલ શી સ્થીતી છે તેની ચર્ચા થઈ જેમાં આપણે પંચની ભલામણોનો હજુ રાજ્ય સરકારે અમલ કર્યો ન હોવાની રજુઆત કરી.

વીશાખાપટ્ટનમમાં મે મહીનામાં એલજી કંપનીના પ્લાન્ટમાંથી સ્ટાયરીન ગેસ લીક થયો તેમાં ૧૨ નાગરીકો માર્યા ગયા. આ સંદર્ભે એશીયન નેટવર્ક ઓફ રાઈટસ ઓફ ઓકયુપેશનલ એન્ડ એન્વાયર્નમેન્ટલ વીકટીમ્સ – એનરોવ દ્વારા શ્રેણીબધ્ધ વેબીનારોનું આયોજન કરવામાં આવ્યું. પીટી આરસી સદર નેટવર્કની સભ્યસંસ્થા હોવાને નાતે આ બેઠકોમાં સક્રીયપણે ભાગ લીધો.

**કોવીડની પહેલી લહેરનો થાનના સીરામીક કામદારો પર થયેલી અસરનો અભ્યાસ:**

લોકડાઉન દરમીયાન થાનના સીરામીક કામદારોને પડેલી હાલાકી અને કેવી સમસ્યાઓનો સામનો કરવો પડયો તેની માહીતી મેળવવા સંસ્થાએ ૧૫૦ કામદારોની મુલાકાત લઇ માહીતી મેળવી.જે કામદારોની મુલાકાત કરી તે પૈકીના મોટાભાગના સ્થાનીક કામદારો હતા અને તેમને રેશન મેળવવામાં તકલીફ પડી ન હતી.તેમને સરકાર તરફથી રોકડ સહાય પણ મળી હતી. મોટાભાગનાને વેતન ગુમાવવું પડયું હતું. થોડાકને તબીબી સારવાર મેળવવામાં તકલીફ પડી હતી. તે પૈકી કેટલાકને અમે સારવાર ખર્ચ માટે થોડી સહાય કરી હતી. (અભ્યાસનો અહેવાલ વીનંતી કરતાં મળી શકશે).

**કોવીડ રાહતઃ**



લોકડાઉનના લાંબા સમયગાળાને કારણે સામાન્ય આરોગ્ય સેવાઓ ખોટવાઇ હતી. લોકો પોતાના ઘરની બહાર નીકળી શકતા ન હતા. જાહેર વાહનો મેળવવામાં મુશ્કેલી પડી રહી હતી. ટ્રેન અને સરકારી બસ સેવાઓ સદંતર બંધ હતી. ખાનગી આરોગ્ય સેવાઓ પણ બંધ હતી અને જાહેર આરોગ્ય સેવાઓ કોવીડમાં પડી હતી અને તે સીવાય કશું કરતી ન હતી. બાળકોને રસીકરણનો કાર્યક્રમ પણ પ્રભાવીત થયો હતો અને ટીબીના દર્દીઓને પણ તેમની દવા મેળવવામાં તકલીફ પડી રહી હતી.



આ સંજોગોમાં અમે ડાયાબીટીસના દર્દીઓને મદદ કરવાનું વીચાર્યુ જેથી તેઓ તેમના લોહીમાં સાકરના પ્રમાણ પર નજર રાખી શકે અને નીયંત્રણ કરી શકે.ડાયાબીટીસના દર્દીઓને કોવીડનો ચેપ લાગવાનું જોખમ વધુ હોય છે. સમાજના ગરીબ વર્ગમાંથી આવતા અને જાહેર આરોગ્ય સેવાઓમાંથી ડાયાબીટીસની સારવાર લેતા દર્દીઓની ભાળ કાઢી અમે તેમના સુધી પહોંચ્યા. તેમની માહીતી એકઠી કરવા અમે એક પ્રશ્નાવલી તૈયાર કરીને પહેલાં તેનું ફીલ્ડ ટેસ્ટીંગ કર્યુ. તે પછી અમે ૨૫૦ દર્દીઓને ઘરે જઇ માહીતી મેળવી. બીજી તરફ અમે એકદીશા ફાઉન્ડેશનને ડાયાબીટીસ નીયંત્રણ કઇ રીતે કરી શકાય તેની માહીતી આપતા વીડીયો તૈયાર કરવા વીનંતી કરી. એમના નીષ્ણાતોએ ગુજરાતીમાં નાના-નાના સાત વીડીયો તૈયાર કર્યા. વડોદરાના ડાયાબીટીસ એસોસીએશનનો સંપર્ક કરી અમે તેમની પાસેથી "ડાયાબીટી સંદેશ" નામની પુસ્તીકાની ૨૦૦ નકલ ખરીદી. વડોદરાથી અમે ૨૦૦ ગ્લુકોમીટર ખરીદ્યા. તે ઉપરાંત ૫૦૦ માસ્કની ખરીદી કરી અને તાપમાન માપવા માટે થર્મલ ગન પણ ખરીદી. આમ અમારી તૈયારી પુરી થઇ.

સીલીકોસીસ માટેના અમારા કામના વીંસ્તાર થાન, સુરેન્દ્રનગર અને ધ્રાંગધ્રામાં અમે ડાયાબીટીસના દર્દીઓ સાથે કામ કરવાનું નકકી કર્યુ. સુરેન્દ્રનગર શહેરમાં ૧૦૦ અને થાન- ધ્રાંગધ્રામાં ૫૦-૫૦ દર્દીઓ સાથે કામ કરવાનું આયોજન કર્યુ. અમે ૨૫૦ કરતાં વધુ ર્દીઓની રુબરુ મુલાકાત લઇ તેમનું શીક્ષણ, ઉંમર,પરીવારમાં બીજા કોઇને ડાયાબીટીસ છે કે નહી, બીપીએલ છે કે કેમ,સારવાર કયાંથી લે છે, સારવાર માટે માસીક ખર્ચ કેટલું થાય છે, કેટલા સમયાંતરે લોહીનું પરીક્ષણ કરાવે છે, કસરત કરે છે કે નહી, ગ્લુકોમીટરની જરુર છે કે નહી,ઇન્સયુલીન લે છે કે કેમ, ડાયાબીટીસને કારણે અન્ય કોઇ તકલીફ થઇ છે કે કેમ વીગેરે માહીતી એકઠી કરી.

તે પછી અમારા માપદંડને આધારે અમે ૨૦૦ દર્દીઓની પસંદગી કરી. તે પછી અમે સુરેન્દ્રનગરમાં ૨૦-૨૦ના જુથમાં તેમની સાથે બેઠકો કરી. બેઠકોનું આયોજન કોવીડની માર્ગદર્શીકાઓને ધ્યાનમાં રાખીને કર્યુ. આ કામ એવા સમયે કર્યુ જયારે પહેલી લહેર સમાપ્ત થવા આવી હતી અને સરકારે કેટલીક છુટછાટો જાહેર કરી હતી. બેઠકમાં ગણતરીના લોકોને બોલાવવા અને તેમને બેઠકખંડમાં પ્રવેશ આપતાં અગાઉ તેમના શરીરનું તપામાન જોવું અને તાપમાન સામાન્ય કરતાં વધુ હોય તો પ્રવેશવા ન દેવા, તેમના હાથ સેનીટાઇઝ કરાવવા અને તેમને માસ્ક આપી માસ્ક પહેર્યા બાદ જ પ્રવેશ આપવાનું ધોરણ રાખ્યું હતું. બેઠકખંડમાં બધા છુટા છુટા બેસે તેની કાળજી રાખી.

આ બેઠકોમાં અમે તોયર કરાવેલા વીડીયો બતાવ્યા અને તેમની સાથે ચર્ચા કરી, સવાલોના જવાબ આપ્યા, ગ્લોકોમીટરનું મહત્ત્વ સમજાવી તે કઇ રીતે વાપરવું તેનું નીદર્શન આપ્યું. આખરે તેમને ગ્લુકોમીટર અને ૨૫ સ્ટ્રીપ તેમજ ડાયાબીટીસ સંદેશની નકલ આપી. અમે નીચે મુજબની તારીખોએ બેઠકોનું આયોજન કર્યુ.

૧. ૧૩/૦૯/૨૦, સુરેન્દ્રનગર

૨. ૨૧/૦૯/૨૦, સુરેન્દ્રનગર
૩. ૨૩/૦૯/૨૦, સુરેન્દ્રનગર
૪. ૨૬/૦૯/૨૦, સુરેન્દ્રનગર
૫. ૨૧/૧૦/૨૦, સુરેન્દ્રનગર
૬. ૨૨/૧૦/૨૦, ધ્રાંગધ્રા
૭. ૨૨/૧૦/૨૦, ધ્રાંગધ્રા (એક દીવસમાં બે જુદી બેઠકો)
૮. ૨૭/૧૦/૨૦, થાન
૯. ૧૦/૧૧/૨૦, થાન

અમે જેમને ગ્લુકોમીટર આપ્યા તેમાં ૧૦૨ પુરુષ અને ૯૨ મહીલા હતા. ૯ વ્યકતીઓ ૧૮ વર્ષથી નાની, ૨૯ વ્યકતી ૨૧-૨૯ના વયજુથની, ૧૧૫ વ્યકતી ૩૦-૬૦ વયજુથની, ૩૫ વ્યકતી ૬૧-૬૫ વયજુથની અને ૫ વ્યકતી ૬૫થી વધુ વયની હતી. ૩૧ વ્યકતી ઈન્સયુલીન લેતા હતા.

**ટીબી કે સીલીકોસીસ કે બંને?:**



સીલીકોસીસને મુદ્દે અમે નકકી કર્યુ કે એવા કામદારોની યાદી તૈયાર કરવી જેમને સીલીકાનો લાંબા સમયગાળાનો સંપર્ક હોય પણ તેમનું સીલીકોસીસનું નીદાન થયું ન હોય પણ લાંબા સમયથી ટીબીની સારવાર હેઠળ હોય. એવા કામદારોની રુબરુ મુલાકાત કરવાનું શરુ કર્યુ. પહેલા રાઉન્ડમાં અમે ૪ કામદારોની મુલાકાત લીધી જેમણે ટીબીની સારવાર એક કરતાં વધુ વાર લીધી હોય.મુલાકાત દરમીયાન અમે તેમના સીલીકાના સંપર્કની ખાતરી કરી અને ટીબી સારવારના દસ્તાવેજ જોયા. આ કામદારોને સીલીકોસીસ નીદાન માટે આપણી પસંદના ટીબી અને છાતીના રોગોના નીષ્ણાત પાસે મોકલવાનું નકકી કર્યુ છે. પરંતુ એકબાજુ કોવીડને કારણે કામદારો હોસ્પીટલમાં જતાં ડરે છે. તેમને લાગે છે કે ત્યાં તેમનો કોવીડનો ટેસ્ટ થશે અને તેમને નાહકના હેરાન થવું પડશે. બીજી બાજુ અમે નીષ્ણાતોને સુરેન્દ્રનગર કે ધ્રાંગધ્રા ખાતે કેમ્પના આયોજન માટે વાત કરી પણ તેઓ પણ હાલના સંજોગોમાં કોઇ જોખમ લેવા તૈયાર ન હતા. આપણે અનુકુળ સમય સુધી વાટ જોવાનું નકકી કર્યુ.

એ દરમીયાન ૩ કામદારો સુરુેન્દ્રનગરની હોસ્પીટલમાં નીદાન માટે ગયા. એક દર્દીને હોસ્પીટલમાં દાખલ થવા સલાહ અપાઇ. અમે દાખલ થવામાં મદદ કરી અને જરુરી ખર્ચ પણ કર્યો. બીજા દીવસે એ દર્દી કોઇને જાણ કર્યા વગર હોસ્પીટલમાંથી ચાલી ગયા. બીજા બે દર્દીઓના પરીણામ અનીર્ણીત રહ્યા. હવે સમય અનુકુળ થાય તેની વાટ જોવી રહી.

સપ્ટેમ્બરમાં અમે ધ્રાંગધ્રામાં ઘણા કામદારોની મુલાકાત લીધી જેઓ પથારીવશ હતા કે સારવાર હેઠળ હતા.

**સીલીકોસીસઃ**

સીલીકોસીસના દર્દીઓ સાથેનો સંવાદ વધુ ઝડપી થાય તેવા હેતુસર અમે તેમનું એક વોટસએપ બ્રોડકાસ્ટ ગ્રુપ બનાવ્યું.

એશીયા મોનીટર રીસોર્સ સેન્ટરના આગ્રહને કારણે આપણે સીલીકોસીસ પીડીતો અને તેમના કુટુંબોના ચાર વીડીયો તૈયાર કરી તેમને મોકલી આપ્યા. તે તેમણે પોતાના ફેસબુક પેજ પર મુકયા.



સ્થાનીક આગેવાનના આમંત્રણને માન આપી તા.૨૩/૦૧/૨૧ને રોજ થાન ખાતે સીરામીક કામદારો સાથે મીટીગ કરી. તેમની મુખ્ય ચીતા સીલીકોસીસ થયા બાદ સારવારના ખર્ચની હતી. તેમની અપેક્ષા હતી કે સંસ્થા તેમને માટે વીનામુલ્યે સારવારની વ્યવસ્થા ગોઠવે. અમે જણાવ્યું કે વીનામુલ્યે સારવાર મેળવવાનો એક માત્ર રસ્તો છે ઇ.એસ.આઇ.મોટાભાગના કામદારોએ જણાવ્યું કે તેઓ ઇએસઆઇ કાયદા હેઠળ આવરી લેવાયા નથી. મોટાભાગના કામદારો માને છે કે તેમનો ઇએસઆઇનો ફાળો કપાય એટલે તેઓ કાયમી થઇજાય અને તે સૌ કાયમી થવાનું સપનું જુએ છે. અમે સ્પષ્ટતા કરી કે ભારતમાં હવે “કાયમી” કામદાર જેવું કશું રહ્યું નથી એવા ફેરફાર કાયદામાં કરવામાં આવ્યા છે. તે પછી એવો નીર્ણય લેવામાં આવ્યો કે થાનમાં ઇએસઆઇના અમલ અંગે એક અભ્યાસ હાથ ધરવો.

**રાષ્ટ્રીય માનવઅધીકાર પંચ સમક્ષની ફરીયાદોઃ**

- ♠ ફરીયાદ નં.૧૦૬૭/૬/૩/૨૦૨૦માં જુલાઇ ૨૦૨૦માં પંચે પોતાની ભલામણ૨૦/૦૧/૨૧ને રોજ જાહેર કરી. પંચે ગુજરાત રાજયના મુખ્ય સચીવને સવીતાબેન વાઘરીને રુ. ૩/- લાખ ચુકવવા ભલામણ કરી. તેમના પતીનું સીલીકોસીસને કારણે મૃત્યુ થયું હતું તે પછી તેમણે ગુજરાત સરકાર સમક્ષ સહાયનો દાવો કર્યો હતો તેના જવાબમાં સરકારે તેમને રુ.૧/-લાખની સહાય ચુકવી હતી. પછી તેમને જાણવા મળ્યું કે તેઓ રુ.૩/-લાખના હકદાર છે તેથી તેમણે આણંદ જીલ્લા કલેકટરને અને પીટીઆરસી સમક્ષ રજુઆત કરી હતી. તેમને આ ભલામણ મુજબ ચુકવાણું થયું કે કેમ તેની હજુ સંસ્થાને માહીતી નથી.
- ♠ સંસ્થાએ પંચ સમક્ષ તા.૧૪/૦૩/૨૦૦ને રોજ કરેલી ફરીયાદ નં.૨૬૦/૬/૧૮/૨૦૧૧માં ગુજરાત સરકારે તા.૧૩/૨૦/૨૦૨૦ને રોજ જાણ કરી કે સરકારે ૨૯ પીડીત કુટુંબોને રુ.૪ -૪ લાખ ચુકવી દીધા છે જે કુલ રુ.૧.૧૬ કરોડ થાય છે. એક નાના આદીવાસી વીસ્તાર માટે આ મોટી રકમ ગણાય. ઓકયુપેશનલ એન્ડ એન્વાયર્નમેન્ટલ મેડીસીન નામના સામયીકના ડીસેમ્બર, ૨૦૧૦ના અંકમાં પ્રકાશીત ડો.આર. આર તીવારી, ડો. વાય. કે શર્મા અને ડો.સુનીલ કુમારનો લેખ અમારા વાંચવામાં આવ્યો. સદર લેખમાં લેખકોએ જણાવ્યું કે તેમણે કવાર્ટઝનો પથ્થર દળવાના એકમોના ૧૩૪ પુર્વ કામદારોને તપાસ્યા તે પૈકી ૫૭ને સીલીકોસીસ/સીલીકોટીબી હોવાનું જાણવા મળ્યું. એ વાંચી અમે પંચ સમક્ષ ફરીયાદ દાખલ કરી જેમાં સંસ્થાએ પંચને આ બાબતે તપાસ કરી આ ૫૭ પૈકી જેમના મૃત્યુ થયા હોય તેમને વળતર ચુકવાયું કે કેમ તેની ખાતરી કરવી. પંચે ફરીયાદ દાખલ કરી નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓકયુપેશનલ હેલ્થને નોટીસ મોકલી એ ૫૭ની યાદી મંગાવી સંસ્થાને આપી. સંસ્થાએ પોતાના કાર્યકરને મોકલી એ ૫૭ની ભાળ મેળવવા પ્રયાસ કર્યો તેમાં જાણવા મળ્યું કે ૫૭ પૈકી ૨૨ના મૃત્યુ થઇ ગયા છે. અમે ડીસેમ્બર, ૨૦૧૧માં તેનો અહેવાલ પંચને મોકલી આપ્યો. ૫૭માંથી ૧૦નો સંપર્ક અમારાથી થઇ શકયો ન હતો, ૨૩ સાજાસમા હતા અને ૨ બીમાર હતા. ઓકટોબર, ૨૦૧૪માં અમે ફરી વીસ્તારની મુલાકાત લીધી અને ઓકટોબર, ૨૦૧૪માં પંચને બીજો અહેવાલ મોકલ્યો જે મુજબ બીજા ૯ના મોત થયા હતા એટલે કે કુલ૩૧ મોત થયા. ફરીયાદના ૧૦ વર્ષ બાદ ફરીયાદ બંધ કરવામાં આવી.
- ♠ ફરીયાદ નં.૪૯૯/૬/૫/૨૦૧૦માં અમે એપ્રીલ, ૨૦૨૦માં કલેકટર, ભરુચને પત્ર લખી પંચના ૨૦/૦૩/૨૦ની સુચનાના અનુસંધાનમાં જરુરી પગલાં લેવા વીનંતી કરી. તેને પરીણામે કલેકટરશ્રીએ જુલાઇ,૨૦૨૦ને દીવસે રાજસ્થાન સરકારના મજુર મંત્રાલયને પત્ર લખ્યો.
- ♠ જુન, ૨૦૨૦માં અમે પંચ સમક્ષ ત્રણ નવી ફરીયા દાખલ કરી. ચીમન વાઘરી, પાંચાભાઇ ઓળકીયા અને રમેશ કીહલાના મોત સીલીકોસીસને કારણે થયા તેમના વારસદારોને વળતર ચુકવવા આ ફરીયાદોમાં સંસ્થાએ માગણી કરી. ચીમન વાઘરીની ફરીયાદમાં પંચે પોતાની ભલામણ જાહેર કરી છે જેની વીગત ઉપર આપી છે. બાકીની બેમાં ભલામણ બાકી છે.
- ♠ સીલીકોસીસને કારણે સુરેન્દ્રનગર જીલ્લામાં થયેલા ૧૨ મૃત્યુ અને ભોગ બનેલા ૨૫ કામદારો માટે અમે ઓગષ્ટ મહીનામાં એક ફરીયાદ દાખલ કરી. આ ફરીયાદને દાખલ કરી પંચે તેને નંબર ફાળવ્યો ૬૭૧/૬/૨૪/૨૦૨૦ અને રાજયના મુખ્ય સચીવને તા.૦૪/૦૨/૨૧ને રોજ નોટીસ મોકલી ૨૩/૦૩/૨૧ સુધીમાં જવાબ આપવા સુચના આપી.
- ♠ અમારી ફરીયાદ નં.૧૨૧૮/૬/૨૧૨/૨૦૧૯માં અમે સીલીકોસીસને કારણે થયેલા ૨ કામદરોના મોત અને ૩ જીવીત માટે ફરીયાદ કરી હતી. આ ફરીયાદમાં રાજયના મજુર વીભાગે પંચને ૨૭/૦૨/૨૦ને રોજ પોતાનો જવાબ રજુ કર્યો જેનીનકલ અમને પંચે માર્ચ, ૨૧માં મોકલી. અમે પંચને અમારો જવાબ ૧ એપ્રીલ, ૨૧ને રોજ આપી દીધો. અમારી ફરીયાદ મનસુખ વાઘેલા, અશોક ચીખલીયા અને રાજુ પ્રકાશ પરીહારના મૃત્યુ સંબંધે હતી અને જયંતી રુડકીયા અને બીપીન સાહુને સીલીકોસીસ થયા બાબત હતી. કોરોનાને કારણે સાહુપોતાને વતન ઓડીશા ચાલી ગયા અને તેમનો નંબર બંધ આવવાને કારણે સંપર્ક થઇ શકયો નહી જયારે જયંતી રુડકીયાનું આ દરમીયાન ૨૭/૧૧/૨૦ને રોજ અવસાન થઇ ગયું. અમારા જવાબ સાથે અમે પંચને તેમનું મૃત્યુનું પ્રમાણપત્ર મોકલ્યું છે.

**અપંગતા કમીશ્નર સમક્ષ રજુઆતઃ**

૩૦ જુલાઇ, ૨૦ને રોજ અમે ગુજરાત રાજ્યના અપંગતા કમીસ્નર સમક્ષ વાઘોડીયા ઔઘોગીક વીસ્તારના બે કામદારોને ન્યાય મળે તે માટે અરજી કરી. કોવીડ દરમીયાન અનેક કોન્ટ્રાકટ કામદારોને કાઢી મુકવામાં આવ્યા. આ બે કોન્ટ્રાકટ કામદારોને આ ફેકટરીમાં કામ કરવા દરમીયાન અકસ્માત થયો હતો અને તે કારણે કાયમી અપંગ થયા હતા તેમને પણ કાઢી મુકવામાં આવ્યા પરંતુ ફેકટરીના કાયમી



કામદારોનેકાઢી મુકવામાં આવ્યા ન હતા. અમે કમીશ્નરને ફરીયાદ કરી કે આ અપંગ કામદારોની સાથે કંપનીની મેનેજમેન્ટે ભેદભાવ કર્યો છે અને તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો છે જે અપંગો માટેનાકાયદાની જોગવાઇનો ભંગ કરે છે. કમીશ્નરે અમારી અરજી મળ્યાની પહોંચ સુધ્ધા ન આપી!

**હીમાયતઃ**

- ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલયે ઓકયુપેશનલ હેલ્થ એન્ડ સેફટી કોડનો મુસદ્દો જાહેર કરી વાંધા-સુચન મંગાવ્યા. જાન્યુઆરીમાં અમે તે તૈયાર કરીને મોકલી આપ્યા. કોડમાં સુધારા માટે અમે ઘણા સુચન કર્યા.

- તમામ આર્થીક ક્ષેત્રના કામદારોના કામને સ્થળે સલામતી અને આરોગ્યના રક્ષણ માટે લાંબા સમયથી હીમાયત કરીએ છીએ.જન સ્વાસ્થ્ય અભીયાનની બેઠકમાં અમે આરોગ્ય કામદારોના કામને સ્થળે સલામતી અને આરોગ્ય સામેના જોખમોની ચર્ચા કરી. અભીયાનની વીનંતીને ધ્યાનમાં લઇ અમે આ કામદારોના જોખમો અંગે એક નોંધ તૈયાર કરી અભીયાનને મોકલી આપી.

- અમે એવું કહેતા રહ્યા છીએ કે ભારતમાં બધા ચેપી રોગો વળતરપાત્ર છે. તેથી કોરોનાને વળતરપાત્ર વ્યવસાયીક રોગો જાહેર કરો તેવી માગણી કરવાનું કોઇ ઔચીત્ય અમને લાગતું નથી. અમે કામદાર રાજય વીમા નીગમના ડાયરેકટર જનરલને એપ્રીલ, ૨૦માં વીમા કામદારો માટે કોરોનાના ટેસ્ટીંગની સુવીધા ઉભી કરવા અને જો વીમા કામદારોને કોરોના થાય તો કા.રા.વીમા કાયદા હેઠળ તેમના અધીકારો અંગે તેમને માહીતગાર કરવાની ઝુંબેશ ઉપાડવા રજુઆત કરી.

- આંતરર્ષ્ટ્રીય કામદાર સ્મૃતી દીવસ નીમીત્તે અમે ૨૮ એપ્રીલ, ૨૦ને રોજ અમે એક નીવેદન જાહેર કર્યું  જેમાં અમે છેલ્લા એક વર્ષ દરમીયાન સીલીકોસીસને કારણે માર્યા ગયેલા ૧૩ કામદારોનો સંદર્ભ આપી રાષ્ટ્રીય માનવ અધીકાર પંચ દ્વારા ગુજરાત સરકારને સીલીકોસીસ પીડીતોના પુનઃસ્થાપન માટે એક નીતી ઘડવાની ભલામણ કરી હતી તેનો અમલ કરવા અપીલ કરી. સરકારે અપનાવેલી ઉદારીકરણની નીતીને કારણે કારખાનાઓમાં વધી રહેલા અકસ્માતો પ્રત્યે પણ અમે આ નીવેદનમાં સરકારનું ધ્યાન દોરી અમારી ચીંતા જાહેર કરી. અમે આ નીવેદન સરકારના શ્રમ અને રોજગાર મંત્રીશ્રીને મોકલ્યું.

**સંશોધનઃ**

- ગુજરાત સરકારે ભારત સરકારને  રાજયમાં સલામતી અને આરોગ્યની સ્થીતી વીશે ૨૦૧૮ અને ૨૦૧૯માં મોકલાવેલી માહીતીનું અમે વીશ્લેષણ કર્યું. આ લેખો વેબ ગુર્જરીમાં પ્રકાશીત થયા.

- થાનના કેટલા સીરામીક કામદારો ઇએસઆઇ કાયદા હેઠળ આવરી લેવાયા છે તે માટે સંસ્થાએ એક અભ્યાસ હાથ ધર્યો છે. કામદાર રાજય વીમા કાયદા હેઠળ તમામ કામદારોને આવરી લેવાનું ફરજીયાત હોવા છતાં એવું જોવામાં આવે છે કે  ઘણા કામદારોના પગારમાંથી તેનો ફાળો કાપવામાં આવતો નથી અને એ રીતે કામદારોને સામાજીક સુરક્ષાના લાભોથી વંચીત રાખવામાં આવે છે. અમે તેના માટે એક પ્રશ્નાવલી તૈયાર કરી ફીલ્ડમાં તેનું ટેસ્ટીંગ કરી તેમાં જરુરી સુધારાવધારા કર્યા. તે પછી ફોર્મ છપાવ્યા. સાથે જ કામદાર રાજય વીમા કાયદા અંગે કામદારોને સમજ આપતી એક પત્રીકા પણ તૈયાર કરીને તેને છપાવી જેથી કામદારોમાં તે અમગે જાગૃતી લાવી શકાય. અમે ૧૦૦૦ કામદારોને મળીને આ અભ્યાસ કરવાનું આયોજન કર્યું છે.

- હાથને થતી ઇજાઓ અંગે અમે માહીતી ભેગી કરવાનું શરુ કર્યું છે. એન્જીનીયરીમગ એકમોમાં પાવર પ્રેસ મશીન પર કામ કરતા ઘણા કામદારોના હાથના પંજા, અંગુઠા, આંગળા અકસ્માતમાં કપાઇ-છુંદાઇ જાય છે. ઉદ્યોગોના અમારા સંપર્કને અમે

માહીતી આપવા માટે વીનંતી કરી રહ્યા છીએ. છેલ્લા પાંચ વર્ષ દરમીયાન થયેલા અકસ્માતોની માહીતી એકઠી કરવાનું અમારું આયોજન છે. અમે પીડીતોને મળીને તેમની પાસેથી હકીકત જાણીશું. તૈયાર થયેલો અહેવાલ અમે સરકાર અને ઉદ્યોગ સમક્ષ રજુ કરીશું. અમે વાઘોડીયા (૨૫/૦૧/૨૧) અને હાલોલમાં (૦૬/૦૩/૨૧) પ્રાથમીક બેઠકો કરી. હાલોલની બેઠક દરમીયાન અમને એવી પણ માહીતી મળી કે હાલોલના ઘણા એકમ કામદાર રાજય વીમા કાયદાનો અમલ કરતા નથી.

**ઈ.એસ.આઈ.ની સેવાઓ મેળવવામાં કામદારોની મદદઃ**

- ૨૨/૦૬/૨૦ને રોજ અમે કામદાર રાજય વીમા નીગમના વડોદરા ખાતેના ઉપક્ષેત્રીય કાર્યાલયમાં ફરીયાદ દાખલ કરી જણાવ્યું કે સરદાર એસ્ટેટ, વડોદરા ખાતે આવેલ મે. કુશા કોટીંગમાં ૫૦ કામદારો કામ કરે છે છતાં તેઓ કામદારોના વેતનમાંથી ઈએસઆઈનો ફાળો કાપતા નથી એટલે કે કાયદાનો અમલ કરતા નથી. એક તરફ કામદાર રાજય વીમા નીગમ આવક ગુમાવે છે અને બીજી તરફ કામદારો સામાજીક સુરક્ષાના લાભથી વંચીત રહેવા પામે છે. અમારી આ ફરીયાદનું પરીણામ શું આવ્યું તે અમે જાણતા નથી.

- ૨૦૧૮માં દીપક તબલાવાલા નામના એક કામદારે અમારી પાસે આવીને ફરીયાદ કરી કે તેઓ એક ઔદ્યોગીક એકમમાં કામ કરે છે અને તેમનો ઈએસઆઈનો ફાળો કાપવામાં આવે છે. તેઓ તેમના નાદુરસ્ત પીતાને લઈને ઈએસઆઈ હોસ્પીટલમાં લઈ ગયા જયાં તપાસ બાદ નીષ્ણાતોએ વધુ સારવાર માટે સંબંધીત ખાનગી હોસ્પીટલમાં મોકલ્યા. આ ખાનગી હોસ્પીટલમાં તેમને તમામ સેવાઓ વીનામુલ્યે મળવી જોઈતી હતી. પરંતુ હોસ્પીટલમાં તેમને પહેલાં રૂ.૧૦,૦૦૦/- અને થોડા દીવસ બાદ ફરી બીજા રૂ૪,૦૦૦/- અનામત પેટે ભરાવવામાં આવ્યા. એમને કહેવામાં આવ્યું કે જયારે તમે ઈએસઆઈમાંથી પરવાનગીનો પત્ર જમા કરાવશો પછી તમને અનામત પરત ચુકવવામાં આવશે. તેમણે ૨-૩ દીવસમાં એ પત્ર જમા કરાવ્યો પણ તેમને અનામત પરત કરાઈ નહી.પછી તેમને કહેવાયું કે જયારે કારાવી નીગમ તમારા બીલનું અમને ચુકવણું કરશે ત્યારે અમે અનામત પરત કરીશું. તેમના પીતાને થોડા દીવસ બાદ રજા આપવામાં આવી પછી તેઓ અનામત પરત મેળવવા ધકકા ખાતા રહ્યા. અમે તેમની ફરીયાદ સુવીધા સમાગમમાં અવારનવાર રજુ કરી, તે માટે એકવાર અમદાવાદની કારાવી નીગમના ક્ષેત્રીય કાર્યાલયમાં પણ રુબરુ રજુઆત કરી, અનેક ઈમેઈલ કર્યા ત્યારે આખરે જાન્યુઆરી, ૨૦૨૧માં અનામત પરત કરવામાં આવી.

- સલીક ટાંટોડ વાઘોડીયાના એક એકમમાં કામ કરતા હતા જયાં પાવર પ્રેસમાં તેમને અકસ્માત થયો. અમને માહીતી આપવામાં આવી કે તેને ઈએસઆઈ કાયદા હેઠળ આવરી લેવામાં આવ્યો ન હતો જે કાયદાનો ભંગ હતો. અમે તરત ફરીયાદ દાખલ કરી તેને અપંગતા લાભ આપવાની માગણી કરી સાથે સાથે આ એકમના અન્ય કામદારોને પણ કાયદા હેઠળ આવરી લેવા પગલાં લેવા માગણી કરી.

- સીધુ પુજારી નામના કર્ણાટકના એક સ્થળાંતરીત કામદારને કટોકટીમાં ખાનગી હોસ્પીટલમાં સારવાર લેવી પડી. તે પછી તેઓ સારવારનો ખર્ચ મેળવવા કામદાર રાજય વીમા યોજનાના દવાખાનામાં ગયા તો ત્યાં ફરજ પરના તબીબી અધીકારીએ તેમની અરજી સ્વીકારવાનો ઈન્કાર કર્યો. તે પછી અમે તબીબી અધીકારી અને નીગમના અધીકારીઓ સાથે વાત કરી તે પછી તેઓ દવા વળતર દાવો સ્વીકારવા તૈયાર થયા.તે પછી અમે કામદારને સારવાર ખર્ચ પેટે થયેલ રૂ.૭૫૦૦૦/-નો ખર્ચ મેળવવા અરજી તેયાર કરી આપી. તેમણે ૫૪ દીવસની રજા માટે લંબાણ માંદગી લાભ માટે પણ અરજી કરી.

**હાજરી આપીઃ**

૧૨ મેને રોજ અમે એશીયા મોનીટર રીસોર્સ સેન્ટર આયોજીત બેઠકમાં ભાગ લીધો અને ભારતમાં કારખાના નીરક્ષણ પધ્ધતી અંગેના અમારા અભ્યાસના તારણો રજુ કર્યા.

**નારોલ અકસ્માતની તપાસઃ**

૭ નવેમ્બરે અમે અમદાવાદ ગયા જયાં કેટલાક જુથો નારોલમાં થયેલા ધડાકા અંગે ચર્ચા કરવાના હતા. નારોલ વીસ્તારમાં કામદારોના સલામતી અને આરોગ્યના સવાલોની ચર્ચા કરવામાં આવી. તે પછી અમે અકસ્માતના સ્થળની મુલાકાત લીધી. અમને જાણવા મળ્યું કે જે કારખાનામાં અકસ્માત થયો હતો ત્યાં માત્ર એક જ કામદારને રાખવામાં આવ્યો હતો અને તેનું ધડાકામાં મૃત્યુ થયું હતું. અમને કાટમાળમાં હાયડ્રોજન પેરોકસાઈડની તુટેલી ખાલી બોટલ જોવા મળી જે એક જોખમી રસાયણ છે. ધડાકાને કારણે બાજુના મકાનની છત બેસીગઈ અને તે છતની નીચે કામ કરતા ૧૧ કામદારોના દબાઈ જવાને કારણે મોત થયા. રાજયની વીવીધ સંસ્થાઓ તપાસ કરી રહી હતી અને માલીકની ધરપકડ કરવામાં આવી હતી તેથી આ બનાવમાં ઝાઝી તપાસ લાયક કશું રહેતું ન હોવાનું સૌને લાગ્યું પરંતુ નારોલ વીસ્તારની સ્થીતી માટે એક અહેવાલ તૈયાર કરવો જોઈએ તેમ સૌનો મત હતો. તે અંગે ચર્ચા અને આયોજન માટે ફરી મળવાનું નકકી કર્યું પરંતુ કોવીડને કારણે મળી શકાયું નહી.

**ગુજરાત પ્રદુષણ નીયંત્રણ બોર્ડ સાથે બેઠકઃ**

૯ નવેમ્બરે વડોદરાના પર્યાવરણને મુદ્દે કામ કરતા જુથ સાથે ગાંધીનગરમાં ગુજરાર પ્રદુષણ નીયંત્રણ બોર્ડ સાથેની બેઠકમાં હાજરી આપી. પર્યાવરણ માટે કામ કરતી સંસ્થાએ કાયદાના ઉલ્લંઘન માટે કોર્ટમાં કરેલી ફરીયાદોને પરીણામે કોર્ટે કાયદાભંગ કરવનાર કંપનીઓને ફટકારેલ દંડની રકમ પ્રદુષણ બોર્ડમાં જમા થઈ. આ રકમનો ઉપયોગ જે તે વીસ્તારના  અસરગ્રસ્ત નાગરીકોના કલ્યાણ માટે થવો જોઈએ તે બાબત સંમતી હતી. તે રકમ વાપરવા માટેના આયોજન અંગે આ બેઠક હતી. બંને પક્ષોએ પોતાના આયોજન રજુ કર્યા અને વધુ ચર્ચા બાદ આખરી નીર્ણય લેવાનું નકકી થયું પરંતુ કોવીડને કારણે ફરી મળી શકાયું નહી.

**ટીવી પર વાર્તાલાપઃ**

૪ નવેમ્બરે અમદાવાદના નારોલ વીસ્તારના એક કારખાનામાં ધડાકો થયો જેમાં ૧૨ કામદારોના મોત થયા. તે ઘટનાની ચર્ચા કરવા જી.ટી.પી.એલ ટીવી ચેનલ દ્વારા અમને આમંત્રણ અપાયું. અમે કાયદાની જોગવાઈઓ, તેની નબળાઈઓ અને તેના અમલ અંગે ચર્ચા કરી આવી ઘટનાઓ શા માટે બને છે તે સમાજવવાના પ્રયાસ કર્યા.

**ફેસબુક લાઈવઃ**

સપના એન સપનાની ઓળખાણ અમને અમારા મીત્ર ધીરુ મીસ્ત્રીએ કરાવી. સપનાએ અમને તેમના ફેસબુક પેજ પરના વાર્તાપાલમાં ભાગ લેવા આમંત્રણ આપ્યું. તેમણે અમારી સાથેની ચર્ચા રેકોર્ડ કરી અને ૧૯/૧૨/૨૦ના રોજ પ્રસારીત કરી.

**પ્રેસમાં પીટીઆરસીઃ**

| તારીખ | નામ | મથાળું | | |
|---|---|---|---|---|
| 13-04-20 | કાઉન્ટરવ્યુ | India's health workers have no legal right for their protection, regrets NGO network | | |
| 17-04-20 | કાઉન્ટરવ્યુ | Carry out Covid-19 | | |

| | | | | |
|---|---|---|---|---|
| | | tests to all to 82.8 million insured workers_ NGO plea to ESIC | | |
| 29-08-20 | ધ ફર્સ્ટ ઇન્ડીયા | After 130 deaths in 7 months Gujarat serious about industrial accidents | | |
| 29/04/20 | ઇન્ડીયન એક્સપ્રેસ | 13 workers have died of silicosis in 16 months | | |
| 4/09/20 | ટાઇમ્સ ઓફ ઇન્ડીયા | 35% suicides in Gujarat were of daily wagers | | |
| 25/09/20 | દીવ્ય ભાસ્કર | ડાયાબીટીસ દર્દીઓમાટે પીટીઆરસી ની શિબિર યોજાઈ | | |
| 28/10/20 | સંદેશ | ધ્રાંગધ્રામાં ડાયાબીટીસ કેમ્પ | | |

**નાણાંકીય અહેવાલઃ**

વર્ષ દરમીયાન સંસ્થાને ગ્રાન્ટ અને દાન પેટે રુ.૬,૪૧,૦૭૨/- અને વ્યાજની આવક થઇ રુ.૨૩,૪૧૦/-. સંસ્થાએ તેના હેતુઓ માટે રુ.૧૧,૧૬,૯૭૪.૬૨નો ખર્ચ કર્યો.

અમારામાં વીશ્વાસ રાખવા માટે અને અમારા કાનોને ટેકો આપવા માટે અમે અમારા દાતાઓ, ટેકેદારો અને સહાનુભુતી ધરાવનારાઓનો હ્રદયપુર્વક આભાર માનીએ છીએ.

**અમારી ટીમઃ**

રાજકોટ વીભાગના ફીલ્ડ એકઝીકયુટીવ તરીકે મનસુખભાઈ ઓળકીયા અમારી સાથે મે, ૨૦૧૯માં જોડાયા. નવેમ્બર, ૧૯માં શ્રી દીપક રાઠોડ પણ જોડાયા. મનસુખભાઈને રાજકોટ અને થાનની જવાબદારી આપી અને શ્રી દીપકભાઈને ધ્રાંગધ્રા અને મોરબીની આપી. આ સમયગાળા દરમીયાન ખંભાત પુરા સમયના કોઈ કાર્યકર ન હતા પણ કાર્યાલય હતું અને અમે વચ્ચે વચ્ચે જવાઆવાવાનું ચાલુ રાખ્યું. વડોદરામાં નીરંજના પટેલ હીસાબનીશ તરીકે ચાલુ રહ્યાં.